## ૩. વાહન પરત મેળવવાની અરજી અંગે વાંધા.

*નામદાર જે. એમ. એફ.સી. કોર્ટ,*
*ગુ. ર. નંબર /૨૦૦૭*
*અરજી નં. /૨૦૦૭*

## વિષય : વાહન પરત મેળવવાની અરજી અંગે વાંધા.

**અમો ફરિયાદી/પાંજરાપોળ/જીવદયા અર્થે કામ કરતી સંસ્થા વતી નમ્ર અરજ છે કે,**

*(૧) આ કેસની ફરિયાદની વિગતો જોતાં આરોપીઓ નિયમિત અને મોટા પાયે બિન-જામીનપાત્ર ગુનો કરવાની ટેવવાળા છે. ઉપરાંત હાલ તપાસ ચાલુ છે. ઉપરાંત તેમનું સાચું કોઈ ઠેકાણું નથી. ઉપરાંત તેઓ નાસી ભાગી જાય તેવા છે. તેમજ તેમનું જો વાહન છોડવામાં આવે તો નિર્દોષ પ્રાણીઓની કતલ ફરીથી શરૂ થઈ જશે.*

*(૨) આ કામના આરોપીઓએ પોલીસ સમક્ષ સાચી માહિતી રજૂ કરી નથી અને પોલીસને ગેરમાર્ગે દોરેલ છે. આ કામના આરોપીઓ પશુ કતલ કરનારા રીઢા ગુનેગારો છે. તેથે તેમનું વાહન ન છોડવા વિનંતી.*

*(૩) સૌ પ્રથમ પોલીસ અધિકારીને હુકમ કરવામાં આવે કે, તેમણે ગુજરાત રાજ્યનાં તમામ પોલીસ સ્ટેશનમાં વાયરલેસ દ્વારા તપાસ કરી નામ. કોર્ટ સમક્ષ નિવેદન કરવું કે પકડાયેલ વાહન અગાઉ કોઈ ગુનામાં સંડોવાયું છે કે નહીં. સાથો-સાથ અરજદાર પાસે પણ લેખિત અન્ડરટેકિંગ માંગવું કે સદર વાહન અગાઉ અન્ય ગુનામાં સંડોવાયું છે કે નહીં અને તે અંગે કોઈ નામ. કોર્ટની શરતો અમલમાં છે કે નહીં. જ્યાં સુધી આ તમામ તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ઉક્ત અરજી અંગે કોઈપણ હુકમ ન કરવા વિનંતી.*

*(૪) પોલીસ અધિકારીને એવો પણ હુકમ કરવામાં આવે કે આ ગુનાની બધી વિગતો અને સંડોવાયેલ વાહનની બધી વિગતો ક્ષેત્રીય આર.ટી.ઓ. ઓફિસમાં જણાવી ત્યાં આ વિગતો નોંધ થયા અંગે સોગંદનામું રજૂ કરવામાં આવે.*

*(૫) વિકલ્પે જો નામદાર કોર્ટ એવા તારણ ઉપર આવે કે વાહન છોડવું જોઈએ તો કોઈપણ પ્રકારનો હુકમ કરતાં પહેલાં નીચેની શરતોવાળુ બોન્ડ/અન્ડરટેકિંગ તથા રોકડ ડિપોઝિટ કરી નામ. કોર્ટ સમક્ષ રજૂ કરવા માટે આરોપીને હુકમ કરવા વિનંતી.*

  *(૧) આ વાહન અગાઉ પ્રાણીઓને મારવા કે ક્રૂરતા પહોંચાડવા અંગેના કેસમાં વપરાયું નથી અને હવે પછી વપરાશે નહીં.*

  *(૨) ઉક્ત કેસના આખરી નિકાલ સુધી આ વાહન અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય રીતે તબદીલ કરીશ નહીં.*

  *(૩) નામ. કોર્ટ જ્યારે ફરમાવે ત્યારે અને ત્યાં મુદ્દામાલ વાહન રજૂ કરીશ.*

  *(૪) તપાસ અધિકારી કે ફરિયાદી કે જીવ રક્ષા અંગે કામ કરતી સંસ્થાની સાત દિવસ અગાઉ મળેલ નોટિસ અંગે મુદ્દામાલ વાહનતપાસ અધિકારી સમક્ષ રજૂ કરવાની ખાત્રી આપું છું.*

  *(૫) સમગ્ર કેસ ચાલે ત્યાં સુધી મુદ્દામાલ વાહનના દેખાવમાં કે મશીનરીમાં ફેરફાર કરીશ નહીં.*

**નોંધ :** *આ કેસ નોંધાયાની તથા મુદ્દામાલની અરજી હુકમની જાણ અલગ યાદી મારફત સક્ષમ આર.ટી.ઓ. અધિકારીને કરવા વિનંતી.*